## DGVCLની 'હાઈ વોલ્ટેજ' રેડ: 48 લાખનો દંડ

**નબીપુર,** બંબુસર અને આસપાસનાં ગામોમાં સામૂહિક દરોડા

**20** ટીમોએ વહેલી સવારે ત્રાટકી વીજચોરોને ઊંઘતા ઝડપ્યા

**1267** કનેક્શનની તપાસ, 40માં ગેરરીતિ ઝડપાઈ



ભરૂચઃ ભરૂચ જિલ્લામાં વીજ ચોરીના દૂષણને નાબૂદ કરવાના આશય સાથે DGVCL દ્વારા ગુરુવારે સવારથી જ નબીપુર પંથકમાં સપાટો બોલાવવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ સર્કલની આશરે 20 જેટલી વીજ ચેકિંગ ટીમોએ સ્થાનિક પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે નબીપુર, બંબુસર અને આસપાસનાં ગામોમાં સામૂહિક દરોડા પાડ્યા હતા. વહેલી સવારે જ્યારે મોટા ભાગના રહીશો નિદ્રાધીન હતા, ત્યારે જ વીજ કંપનીના કાફલાએ રહેણાક અને વાણિજ્યિક એકમોમાં તપાસ શરૂ કરી દીધી હતી, જેના કારણે ગેરરીતિ આચરતાં તત્ત્વોને સતર્ક થવાનો મોકો મળ્યો ન હતો. તપાસ દરમિયાન ટીમોએ વીજ જોડાણોની સ્થળ પર ચકાસણી કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રાથમિક તપાસમાં અનેક જોડાણોમાં મીટર સાથે છેડછાડ અને ડાયરેક્ટ લાઈન દ્વારા વીજ વપરાશ થતો હોવાનું માલૂમ પડ્યું છે. જો કે, ચોક્કસ આંકડો હજુ જાહેર કરવામાં આવ્યો નથી, પરંતુ આ ઓપરેશનમાં લાખો રૂપિયાની વીજ ચોરી પકડાય તેવી પૂરેપૂરી શક્યતા છે. 1267 કનેક્શનની તપાસ કરાવામાં આવી હતી અને 40 વીજજોડાણમાં ગેરરીતિ પરકાતાં 48 લાખનો દંડ કરાયો હતો.

વિભાગીય કચેરી દ્વારા હાલ ઝડપાયેલાં જોડાણોના પૂરવણી બિલ બનાવવાની કામગીરી તેજ ગતિએ ચાલી રહી છે.

પોલીસ સુરક્ષા હેઠળ કરાયેલી આ કામગીરીને પગલે સ્થાનિક સ્તરે કોઈ ઘર્ષણ જોવા મળ્યું ન હતું, પરંતુ સમગ્ર પંથકમાં વીજ કંપનીની આ કાર્યવાહીથી ગેરકાયદે વપરાશ કરતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. આગામી દિવસોમાં જિલ્લાના અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં પણ આ પ્રકારનું ચેકિંગ ચાલુ રાખવામાં આવશે તેવા સંકેતો વિભાગ દ્વારા આપવામાં આવ્યા છે.

## ભરૂચ નગરમાં રખડતાં શ્વાનો પર પાલિકાની 'કંટ્રોલ' ડ્રાઈવ

**15** દિવસમાં 150થી વધુ શ્વાનોનું ખસીકરણ

**રસીકરણ** બાદ શ્વાનો પર માર્કિંગ કરાયું

ભરૂચઃ ભરૂચ શહેરમાં રખડતા શ્વાનોના વધતા ત્રાસ અને રાહદારીઓ પર થતા હુમલાની ફરિયાદો વચ્ચે ભરૂચ નગરપાલિકા દ્વારા વ્યાપક સ્તરે રસીકરણ અને ખસીકરણની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા 1 જાન્યુઆરીથી તમામ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને રખડતાં શ્વાનોના નિયંત્રણ માટે આપેલા કડક આદેશ બાદ ભરૂચ પાલિકા તંત્ર સફાળું જાગ્યું છે. છેલ્લા 15 દિવસમાં પાલિકાની ટીમે શહેરના વિવિધ વિસ્તારોમાંથી 150થી વધુ રખડતાં શ્વાનોને પકડી પાડી તેમનું ખસીકરણ કરવાની કામગીરી પૂર્ણ કરી છે.

હાલના સમયમાં શ્વાનો વધુ હિંસક બનતા જોવા મળી રહેલ છે. કૂતરાઓના વાહનચાલકો પાછળ દોડવા તેમજ બાળકો અને વૃદ્ધોને કરડી લેવાની અનેક ઘટનાઓ સામે આવી હતી. આ સમસ્યાના નિવારણ માટે પાલિકાએ પકડેલા શ્વાનોને નગરપાલિકાના ગેરેજ પાસે ખાસ તૈયાર કરાયેલાં પાંજરાંમાં રાખવામાં આવે છે. અહીં પશુ ચિકિત્સકો દ્વારા શ્વાનોનું રસીકરણ અને ખસીકરણ કરવામાં આવે છે. ઓપરેશન બાદ શ્વાનોને નિરીક્ષણ હેઠળ રાખીને તેમને પૂરતો ખોરાક અને પાણી આપવામાં આવે છે. ત્યારબાદ તેમને નિર્ધારિત સમય પછી મૂળ જગ્યાએ છોડવામાં આવે છે.

નગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં 150 પૈકી 80 જેટલાં શ્વાનોની પ્રક્રિયા પૂર્ણ કરી તેમને મુક્ત કરવામાં આવ્યાં છે, જ્યારે બાકીનાં શ્વાનો હાલ પાંજરામાં સારવાર હેઠળ છે. જે શ્વાનોનું ખસીકરણ અને રસીકરણ પૂર્ણ થઈ ગયું છે, તેમની ઓળખ માટે ખાસ માર્કિંગ (નિશાની) પણ કરવામાં આવી રહ્યું છે. જેથી ભવિષ્યમાં ગણતરીમાં સરળતા રહે. સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી આ કામગીરીને પગલે આગામી સમયમાં શ્વાનોના કરડવાના બનાવોમાં ઘટાડો થશે તેવી આશા શહેરીજનો સેવી રહ્યા છે.

## ગડખોલમાં કીચડથી દોઢ કલાકમાં 25 વાહન લપસ્યાં

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ગડખોલ ગામ નજીક આવેલ ઐયપ્પા મંદિર પાસે મુખ્ય માર્ગ પર કીચડ ફેલાઈ જતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. માત્ર દોઢ કલાકના સમયગાળામાં ૨૫થી વધુ વાહનો લપસી પડ્યાની ઘટના સામે આવી હતી.

અંકલેશ્વરના ગડખોલમાં ઐયપ્પા મંદિર પાસે મુખ્ય માર્ગ પર કીચડ ફેલાઈ જતાં લગભગ 25થી વધુ વાહનો લપસી પડ્યાની ઘટના સામે આવી હતી. ઉકાઈ જમણા કાંઠા નહેર દ્વારા વિસ્તારમાં નાળા તથા કેનાલના મજબૂતીકરણની કામગીરી ચાલી રહી છે.

આ કામગીરી દરમિયાન કેનાલમાંથી કાઢવામાં આવેલી માટી રસ્તાની બાજુમાં



પ્રવીણ તેરૈયા

મૂકવામાં આવી હતી. દરમિયાન ગડખોલ ગામ તરફ જતી પીવાના પાણીની લાઈનમાં ભંગાણ પડતાં પાણી સાથે માટી મુખ્ય માર્ગ પર વહેતી આવી હતી. પરિણામે આશરે 100 મીટરનો માર્ગ કીચડયુક્ત બની ગયો હતો. આ માર્ગ પરથી પસાર થતા બાઈકચાલકો અને રિક્ષા સહિતનાં વાહનો અચાનક સ્લીપ થવા લાગ્યાં હતાં. આ ઘટનાને લઈ સ્થાનિકોએ દોષનો ટોપલો તંત્ર પર ઢોળ્યો છે.

## ભરૂચ પાલિકામાં 'આપ'નો હલ્લાબોલ

**વેરા** વસૂલાત છતાં સુવિધાઓના અભાવે ઉગ્ર વિરોધ

**તંત્રને** 10 દિવસનું અલ્ટિમેટમ

**પ્રશ્નો** નહીં ઉકેલાય તો પાલિકાને તાળાબંધી કરવાની ચીમકી




ભરૂચઃ ભરૂચ નગરપાલિકામાં પ્રાથમિક સુવિધાઓના મામલે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. શહેરના વિવિધ વોર્ડમાં વણઉકેલ્યા પ્રશ્નોને લઈને આમ આદમી પાર્ટી દ્વારા શાસક પક્ષ ભાજપ સામે મોરચો માંડવામાં આવ્યો છે. ભરૂચ જિલ્લા AAP પ્રમુખ પીયૂષ પટેલની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકરોએ પાલિકા કચેરી ગજવી મૂકી હતી અને પ્રમુખની કેબિન બહાર જ બેસીને તંત્ર વિરોધી સૂત્રોચ્ચાર સાથે ઉગ્ર રોષ ઠાલવ્યો હતો. પાર્ટીનો મુખ્ય આક્ષેપ છે કે, નગરપાલિકા દ્વારા જનતા પાસેથી પાણી, સફાઈ અને મિલકત વેરાની નિયમિત વસૂલાત કરવામાં આવે છે, પરંતુ તેના બદલામાં પૂરતી સેવાઓ મળતી નથી.

ખાસ કરીને વોર્ડ નં.2 સહિતના અનેક વિસ્તારોમાં પીવાના પાણીની તંગી, અંધારપટ સર્જતી બંધ સ્ટ્રીટ લાઈટ્સ અને ગંદકી ફેલાવતી ખુલ્લી ગટરો જેવી ગંભીર સમસ્યાઓથી નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતા આખરે 'આપ' દ્વારા લેખિતમાં અંતિમ ચેતવણી આપવામાં આવી છે. પીયૂષ પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પાલિકા તંત્રને 10 દિવસનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. જો નિર્ધારિત સમયમાં આ પ્રશ્નોનો લેખિત જવાબ અને સચોટ ઉકેલ નહીં આવે, તો આવનારા દિવસોમાં નગરપાલિકાને તાળાબંધી કરવા સહિતના ઉગ્ર આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવશે. રહેવાસીઓના સમર્થન સાથે કરવામાં આવેલા આ વિરોધ પ્રદર્શને સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે.

## ગરમ કેમિકલ ઊડતા દાઝી ગયેલા યુવકનું મોત

હથોડાઃ કોસંબા પોલીસ મથકની હદમાં આવેલા મોટા બોરસરા નવાપરા ખાતેની ગાર્નેટ ટેક્સ કંપનીમાં ડાઈંગ મશીનનું ઢાંકણું ખોલવા જતાં પ્રેશરના કારણે અચાનક ખૂલી ગયું હતું. મશીન ખૂલતાની સાથે જ તેમાં રહેલું ઉકળતું કેમિકલયુક્ત ગરમ પાણી ઊડતાં બે શ્રમજીવી યુવાનો ગંભીર રીતે દાઝી ગયા હતા.

આ અકસ્માતમાં રોહનભાઈ ફૂલસિંહભાઈ વસાવા આખા શરીરે વધારે દાઝી જતાં તેને તાત્કાલિક સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન ટૂંકી માંદગી બાદ આખરે તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મોડી સાંજે સુરત સિવિલ હોસ્પિટલ તરફથી



ઈબ્રાહીમ કાનુ

કોસંબા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે હોસ્પિટલ પહોંચી લાશનો કબજો મેળવી અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

## કડોદરાની ભુરિયા ઈન્ડસ્ટ્રિઝમાં ઊંચાઈ પરથી પટકાતાં શ્રમિકનું મોત

પલસાણાઃ પલસાણાના કડોદરા ખાતે આવેલી જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ફરી એકવાર કામ દરમિયાન અકસ્માતની ઘટના સામે આવી છે. ભુરિયા ઈન્ડસ્ટ્રિઝમાં મજૂરીકામ કરતી વખતે અંદાજે આઠ ફૂટની ઊંચાઈ પરથી નીચે પટકાતાં ૨૫ વર્ષીય આશાસ્પદ યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૂળ બિહારના જહાનાબાદ જિલ્લાના વતની અને હાલ કડોદરાની પટેલ પાર્ક સોસાયટીમાં રહેતા સુજીતકુમાર રવિન્દ્રકુમાર યાદવ (ઉં.વ.૨૫) કડોદરા ભુરિયા ઈન્ડસ્ટ્રિઝ મિલમાં મજૂરીકામ કરતા હતા. ગત તા.૧૫/૧/૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૦:૩૦ વાગ્યે, મિલમાં કામ કરતી વખતે સુજીતકુમાર અચાનક આઠેક ફૂટની ઊંચાઈ પરથી નીચે પટકાતાં ગંભીર ઈજા પહોંચી હતી. આથી કડોદરાની હોસ્પિટલમાં ખસેડાયાં હતા. જ્યાં ફરજ પરના તબીબે તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે મૃતકના ભાઈ અજીતકુમાર રવિન્દ્રકુમાર યાદવે કડોદરા GIDC પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

## રેલવે સુરક્ષાની ધાર કાઢવા માટે અંકલેશ્વરમાં ડિરેલમેન્ટ મોકડ્રીલ

**રેલવે** યાર્ડમાં ગુડ્સ ટ્રેનના ડબ્બા પાટા પરથી ઊતરી જવાની મોકડ્રિલ યોજાઈ

અંકલેશ્વરઃ અંકલેશ્વર રેલવે યાર્ડમાં ગુડ્સ ટ્રેનના ડબ્બા પાટા પરથી ઊતરી પડતાં દોડધામ મચી ગઈ હતી. જો કે, સમગ્ર પ્રક્રિયાને અંતે મોકડ્રીલ જાહેર કરવામાં આવી હતી.

અંકલેશ્વર રેલવે યાર્ડમાં ગુડ્સ ટ્રેનના ડબ્બા પાટા પરથી ઊતરી પડ્યાની ઘટના સર્જાઈ હોવાનાં દૃશ્યો સર્જાતાં થોડીવાર માટે દોડધામ મચી ગઈ હતી. જો કે, બાદમાં જાણવા મળ્યું કે આ ઘટના વાસ્તવિક નહીં પરંતુ ડિરેલમેન્ટ દરમિયાન કરવામાં આવતી કામગીરીની મોકડ્રિલનો ભાગ હતી. મોકડ્રિલ દરમિયાન રેલવેના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને રાહત તથા બચાવ કામગીરી કેવી રીતે કરવામાં આવે એ અંગે પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. અકસ્માતની પરિસ્થિતિમાં રેલવે વિભાગ, ફાયર બ્રિગેડ અને અન્ય તંત્ર વચ્ચે સંકલન કેવી રીતે સાધવું એ બાબત પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. આ મોકડ્રિલમાં અંકલેશ્વર તથા પાનોલી વિસ્તારના ફાયર ફાઈટરો પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને આગ બુઝાવવાની તથા બચાવ કામગીરીની કામગીરી કરી હતી. સમગ્ર પ્રક્રિયા દરમિયાન સુરક્ષા નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું. રેલવે વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આવી મોકડ્રિલનો હેતુ વાસ્તવિક અકસ્માત સમયે સમયસર અને અસરકારક રીતે કામગીરી કરી શકાય એ માટે તૈયારી મજબૂત કરવાનો છે.

## કપલસાડી રેલવે ગરનાળાની સુરક્ષા ચેનલ ટ્રકની ટક્કરે તૂટી

**ચાલક** વાહન લઈને રફુચક્કર

ભરૂચ, ઝઘડિયાઃ શુક્રવારે વહેલી વહેલી ઝઘડિયાથી આગળ કપલસાડી રેલવે ફાટકના ગરનાળા પર ચાલકે પોતાનું ટ્રકની કેબિન ઉપરની ચેનલ તૂટીને પડી ગઈ હતી.



આ ઘટનાની જાણ થતાં રેલવેના અધિકારીઓ અને રેલવે પોલીસ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જો કે, અકસ્માત બાદ ટ્રકને મૂકી ચાલક તેનું વાહન લઈને સ્થળેથી રફુચક્કર થઈ ગયો હતો. તંત્રએ ટ્રક ચાલક સામે કાર્યવાહી હાથ ધરી છે. રેલવે ફાટકનું ગરનાળું પસાર કરવામાં વાહનો સામાન્યપણે ધીમે હંકારતા હોય છે. જો કે, હાલમાં વાહનચાલકની કોઈક ભૂલ કે ટ્રકની હાઈટ ઊંચી હોવાથી ગરનાળાની ચેનલને નુકસાન નોતરતા કેટલાક પ્રશ્નાર્થ ઉદભવતા હોય છે. ઝઘડિયા GIDCમાં આવનજાવન માટેના રોડ પર ભારેખમ વાહનોથી કઠિત ઘટના બાબતે ઝીણવટભરી તપાસ થાય તો લેખે ગણાશે.

## રાજપીપળાની કોલેજમાં નશામુક્ત કેમ્પસ કાર્યક્રમ યોજાયો

રાજપીપળાઃ સમગ્ર ગુજરાતમાં વિદ્યાર્થીઓ સુધી ડ્રગ્સ અને બીજા અન્ય નશીલા પદાર્થોએ પગપેસારો કર્યો છે. જેને લઈ NSUI દ્વારા નશામુક્ત કેમ્પસ બનાવવાના સંકલ્પ સાથે ગુજરાતની વિવિધ કોલેજોની અંદર NSUI દ્વારા વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવી રહ્યા છે. ત્યારે શુક્રવારે નર્મદા જિલ્લામાં MR આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં મોટી સંખ્યામાં કાર્યકર્તા તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### કામરેજના સેગવા ગામની સીમમાંથી બાઇક ચોરતી ગેંગ ઝડપાઈ

પલસાણાઃ એલ.સી.બી. ટીમને બાતમી મળી હતી કે, પવન ગરાસીયા અને તેના બે મિત્ર ચોરીની મોટરસાઇકલ સાથે લાડવી પાટિયા નજીક ઊભા છે. પોલીસે તુરંત કાર્યવાહી કરી પવન રમેશ ઉર્ફે મેઘલા ગરાસીયા (રહે., ગ્રીન પાર્ક સોસાયટી, હલધરુ, તા.કામરેજ, મૂળ રહે., બાંસવાડા, રાજસ્થાન), ઉદયરાજ લલ્લન મોર્યા (રહે., હરિક્રિષ્ણા એપાર્ટમેન્ટ, કડોદરા, તા.પલસાણા, મૂળ રહે.,અમેઠી, ઉત્તરપ્રદેશ) અને રંજીત ઉર્ફે રાહુલ સિયારામ વર્મા (રહે.,ગ્રીન પાર્ક સોસાયટી, હલધરુ, તા.કામરેજ, મૂળ રહે.,અલહાબાદ, ઉત્તરપ્રદેશ)ને ઝડપી લીધા હતા. આરોપીઓ પાસેથી પોલીસે રૂા. ૧૨,૦૦૦ની કિંમતની ચોરી કરેલી હિરો સ્પ્લેન્ડર મોટરસાઇકલ, ચોરીમાં વપરાયેલી રૂા. ૨૫,૦૦૦ની હિરો હોન્ડા કરિઝમા મોટરસાઇકલ, ત્રણ મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ રૂા. ૫૦,૧૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ કામરેજ પોલીસ સ્ટેશનમાં નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### કુંવારદામાં યુવકને ધમકાવી માર મારનાર બે પકડાયા

હથોડાઃ કીમ ખાતે યુવક સાથે સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યનો પ્રયાસ કરી માર મારનારા બે શખ્સને કોસંબા પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે. ચાર દિવસ પહેલાં કીમની ચિકન શોપથી કુંવારદા પરત ફરી રહેલા યુવાનને રિક્ષાચાલક શાહરૂખ એકરામ પઠાણ અને હિરાસતે સાકીર સલમાને આંતરી



ઈબ્રાહીમ કાનુ

અઘટિત માંગણી કરી હતી. યુવકે ઇનકાર કરતા તેને માર મારી લૂંટવાનો પ્રયાસ કરાયો હતો. કોસંબા પોલીસે ત્વરિત કાર્યવાહી કરી બંને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

### વરેલીમાં જુગાર રમતા એક ઝડપાયો, ત્રણ ફરાર

પલસાણાઃ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનના જવાનોને ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બાતમી મળી હતી કે, વરેલી ગામના મહાદેવ નગરની પાછળ આવેલા વલ્લભનગરની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો એકઠા થઈ પૈસા-પાના વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે સાંજે આશરે ૭:૫૦ વાગ્યે પોલીસ સ્ટાફ અને પંચોના માણસો સાથે ખાનગી વાહનોમાં બેસીને રેડ કરવામાં આવી હતી.

પોલીસને આવતી જોઈ જુગાર રમતા ઈસમોમાં નાસભાગ મચી ગઈ હતી, જેમાંથી મિતેષ રામજીભાઇ યાદવ (ઉં.વ.૩૫) (રહે.,વરેલી શાંઇનગર સોસાયટી) નામનો ઈસમ ઝડપાઈ ગયો હતો. પકડાયેલા આરોપીની અંગજડતી અને દાવ પરથી પોલીસે ગંજીપાના, રૂ.૧,૧૦૦ની રોકડ રકમ, રૂ.૫,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન તથા ૪૫,૦૦૦ની કિંમતનું જીજે-૧૯-બીએસ-૬૪૩૧ નંબરની મોપેડ કબજે કરી હતી. પોલીસે કુલ ૫૧,૧૦૦નો મુદ્દામાલ તપાસ અર્થે જપ્ત કર્યો છે. દરોડા દરમિયાન અંધારાનો લાભ લઈ સદામ, અક્રમ અને સલમાન (તમામ રહે., ચલથાણ સુગર ફેક્ટરી સામે) પોલીસને જોઈને નાસી છૂટ્યા હતા. પોલીસે આ તમામ આરોપીઓ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.


Milano MULTIPLEX
બારડોલી
The Raja Saab
10:00am, 01:30pm, 06:00pm, 09:00pm,
Jai Kanhaiyalall Ki-Gujarati
02:30pm, 09:30pm
One Two Cha Cha Chaa
03:00pm, 10:00pm
Dhurandhar - 05:00pm
Rahu Ketu - 12:00pm, 07:00pm
Bihu Attack - 11:00am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


## ઝંખવાવ પાસે બે બાઈક અથડાતાં આધેડનું મોત

**કાલીજામણ** ગામના બળવંતભાઈ વસાવા પેટ્રોલપંપ પર ઈંધણ પુરાવી પરત ફરતા હતા

વાંકલઃ કાલીજામણ ગામના રહેવાસી બળવંતભાઈ ઉમેદભાઈ વસાવા (ઉં.વ.56) પોતાની બાઈક નં.(GJ 19 BK 7978) લઈને પેટ્રોલ પંપ પરથી ઈંધણ ભરાવી બહાર નીકળી રહ્યા હતા. આ દરમિયાન ઝંખવાવથી વાડી તરફ જતી એક સ્પોર્ટ્સ બાઈક નં.(GJ 19 BK 0042)ના ચાલકે પોતાની ગાડી ગફલતભરી રીતે હંકારી બળવંતભાઈની બાઈક સાથે જોરદાર ટક્કર મારી હતી. આ ઘટનામાં બંને બાઈક સવારને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. તાત્કાલિક સારવાર માટે



વિનોદ મૈસુરીયા

ખસેડાયેલા બળવંતભાઈ વસાવાનું ટૂંકી સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જનાર ચિતલદાના નિકુલ વસાવાને ગંભીર ઈજા હોવાથી વધુ સારવાર માટે બારડોલી ખસેડવામાં આવ્યો છે. આ ઘટના અંગે ઉમરપાડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પરબ ગામે બાંધકામ સાઈટ પર ચોરી કરનાર ઝડપાયો

**સુખશાંતિ** ઈન્ડસ્ટ્રિયલ સાઇટ પર પલસાણાના શખ્સે ચોરી કરી હતી

કામરેજઃ કામરેજ તાલુકાના પરબ ગામે બાંધકામની સાઈટ પરથી લોખંડની પ્લેટો અને ભીડાની ચોરી કરનાર એક શખ્સને પોલીસે વાવ ગામ પાસેથી મુદ્દામાલ અને રિક્ષા સાથે ઝડપી પાડ્યો હતો.

મૂળ જામનગરના વતની અને હાલ પાસાદોરાની ઓમ ટાઉનશિપમાં રહેતા ધીરજભાઈ અરજણભાઈ રાઠોડ પરબ ગામની હદમાં આવેલી સુખશાંતિ ઈન્ડસ્ટ્રિયલના બ્લોક નં.૩૭થી ૪૦માં બાંધકામનો વ્યવસાય કરે છે. ગત ગુરુવારે તેઓ પોતાની સાઈટ પર સેન્ટિંગની ૨૦ પ્લેટ, ૩૦ નંગ ભીડા અને અન્ય સામાન મૂકીને બપોરના



સમયે સચિન ખાતે કામ અર્થે ગયા હતા. ત્યાંથી પરત ફરતા સાઈટ પરથી રૂ.૧૪,૫૦૦ની કિંમતના લોખંડની પ્લેટો અને ભીડા ગાયબ જણાતાં તેમણે કામરેજ પોલીસ મથકે ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

ચોરીની ફરિયાદ બાદ કામરેજ પોલીસને બાતમી મળી હતી કે, લોખંડની આ પ્લેટો ઓટો રિક્ષા નં.(જીજે-૦૫-એવી-૧૪૩૮)માં ભરીને મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં.૪૮ પર અંકલેશ્વર તરફ વેચવા માટે લઈ જવામાં આવી રહી છે. બાતમીના આધારે પોલીસે વાવ પાસે વોચ ગોઠવી રિક્ષાને અટકાવી હતી.

રિક્ષા ઊભી રહેતા જ તેમાંથી બે ઈસમ નાસવા લાગ્યા હતા, જેમાંથી પોલીસે સંદીપ બીલકેશ પાસવાન (રહે., 145, ગંગાધરા, પલસાણા, મૂળ બિહાર)ને ઝડપી લીધો હતો. પકડાયેલા આરોપી સંદીપની પૂછપરછમાં બહાર આવ્યું હતું કે, આ ચોરીમાં તેની સાથે શિવમ (રહે., પલસાણા) અને રાજસીંગ (રહે.,તાતીથૈયા) પણ સામેલ હતા. બપોરના સમયે સાઈટ પર કોઈ ન હોવાનો લાભ ઉઠાવી તેઓએ રિક્ષામાં સામાન ભરી ચોરી કરી હતી.

પોલીસે લોખંડની પ્લેટો, ભીડા અને ચોરીમાં વપરાયેલી રિક્ષા કબજે કરી ફરાર થયેલા અન્ય બે શખ્સની શોધખોળ હાથ ધરી છે.

## 'તું બાતમી કેમ આપે છે' કહી યુવક પર ત્રણ શખ્સનો હુમલો

રાજપીપળાઃ રાજપીપળાના જૂનાકોટ વિસ્તારમાં રહેતા દીપક કલ્પેશભાઈ સોલંકીને ગુડ્ડુ રામભાઈ વસાવાએ ફોન કરી ઈંટોના ભઠ્ઠા પાસે બોલાવ્યો હતો. દીપક ત્યાં પહોંચતા જ પૂર્વ આયોજિત કાવતરા મુજબ ગુડ્ડુ વસાવા, ભોલો રામભાઈ વસાવા અને વિનોદ વસાવા ત્યાં હાજર હતા. ભોલા વસાવાએ 'તું અમારી બાતમી કેમ આપે છે?' તેમ કહી દીપક સાથે ઝઘડો શરૂ કર્યો હતો. ત્યારબાદ ત્રણેય શખ્સોએ ઉશ્કેરાઈને દીપક પર હુમલો કર્યો હતો, જેમાં કાનના પાછળના ભાગે તીક્ષ્ણ હથિયાર મારી લોહીલુહાણ કરી દીધો હતો. હુમલાખોરોએ તેને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ભોગ બનનાર દીપક સોલંકીએ આ મામલે રાજપીપળા પોલીસ મથકે ત્રણેય આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.